ગાંધીનગર સમાચાર

# નનાનપુરમાં યોજાયેલી પાટીદાર સભાનો ફિયાસ્કો

## આરસોડા ગામે શ્રદ્ધાંજલી સભા યોજાઈ

### હાર્દિક પટેલ શ્રદ્ધાંજલી સભામાં નાદુરસ્ત તબિયતને કારણે ન જતાં પાટીદારો વિખરાઈ ગયા હતા





પ્રાંતિજ, તા. ૪

સાંબરકાઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના આરસોડા ગામની સીમમાં પાટીદારો દ્વારા શ્રદ્ધાંજલી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસના ગામના હજારો પાટીદારો ઉપસ્થિત રહ્યા હતા. જેને પગલે મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

પાટીદાર અનામત આંદોલન અંતર્ગત હિંમતનગર ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ મહારેલીને જિલ્લા કલેકટર દ્વારા મંજુરી આપવામાં નહોતી આવી. શ્રદ્ધાંજલી સભા યોજવાના મૂડમાં પાટીદારોએ તાબડતોબ પ્રાંતિજના આરસોડા ગામને પસંદ કરીને તૈયારીઓ કરી દીધી હતી. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલ હાજર રહેવાના હતા પરંતુ નાદુરસ્ત તબિયતને પગલે હાર્દિક પટેલ આવી શક્યા નથી. તેવી જાહેરાત કરવામાં આવતા જ સભા સ્થળે હાજર પાટીદારો વિખરાઈ ગયા હતા. પાટીદારોની સભાને કારણે જિલ્લા અધિક્ષક વિનોદ મલ્લ, સહિતના અધિકારી, પોલીસકર્મીઓ તેમજ એસ. આર.પી.ની કંપની ઉતારી દેવામાં આવી હતી. પોલીસતંત્ર બપોર સુધી ખડેપગે રહી હતી. પાટીદારો વિખરાઈ જતાં તંત્રએ રાહતનો દમ લીધો હતો.

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લામાં રવિવારે પાટીદાર અનામત આંદોલન સંદર્ભે મહિલાઓની ઉપસ્થિતિમાં શ્રધ્ધાજંલિ સભા યોજવાની હાર્દિક પટેલે કરેલી જાહેરાતનો રીતસર ફિયાસ્કો થયો હતો. જોકે શનિવારે શ્રધ્ધાજંલિ સભા હિંમતનગરમાં યોજવાની હોવાનું જાહેર કરી તેઓ ઉપસ્થિત રહી શકશે નહિ તેવી જાહેરાત થતાની સાથે જ શ્રોતાઓએ ચાલતી પકડી હતી.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રવિવારે સાબરડેરીથી તલોદ જતા ગઢોડા નજીક આવેલ નનાનપુરની સીમમાં શ્રધ્ધાજંલિ સભા યોજાવાની જાણ થતાં ગઢોડા, નનાનપુર, રામપુરા, આકોદરા સહિત દસેક ગામની મહિલાઓ તથા યુવાનો હાર્દિક પટેલને સાંભળવા માટે આવ્યા હતા.

બીજી તરફ સભા શરૂ થતાં અગ્રણી ચિરાગ પટેલે જણાવ્યુ હતું કે હવે પછી તમારા ગામમાં જો રાજકીય કાર્યક્રમમાં લઈ જવા માટે જો કોઈ બસ આવે તો તરત જ નજીકના ડેપો મેનેજરને જાણ કરી તે બસ પરત મંગાવી લેવા જણાવ્યુ હતું. છતાં જો કોઈ નુકશાન થશે તો તેની જવાબદારી ગ્રામજનોની રહેશે નહિ. ત્યારબાદ અન્ય વકતાઓએ સ્વ.સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી યુવાનોનો જુસ્સો વધારવા પ્રયાસ કર્યો હતો.

દરમિયાન સભા ચાલુ હતી ત્યારે અચાનક જ અગાઉથી જ વિસ્તારને કોર્ડન કરેલ કેટલાક પોલીસ અધિકારીઓ સભા સ્થળે આવતા યુવાનો અને મહિલાઓએ દેકારો મચાવી દીધો હતો. જો કે પોલીસ અધિકારીઓએ સમય સૂચકતા વાપરીને તરત જ દૂર જતા રહેતા મામલો થાળે પડયો હતો. સભા ચાલુ હતી ત્યારે સ્ટેજ પરથી સતત એવી જાહેરાત કરવામાં આવતી હતી કે હાર્દિક પટેલ થોડીક મિનિટોમાં જ ઉપસ્થિત થવાના છે, જે સાંભળીને યુવાનો અને મહિલાઓ તરત જ ઉભા થઈને ચોતરફ જોતા હતા. પરંતુ અચાનક જ પાસના ચિરાગ પટેલ અને દિનેશ પટેલે જણાવ્યુ હતું કે હાર્દિક પટેલને પેટમાં ગરબડ ઉભી થઈ હોવાને કારણે તેઓ અધવચ્ચેથી પરત ગયા છે. જે સાંભળીને ઉપસ્થિત મહિલાઓ અને કેટલાક પાટીદાર યુવાનોએ રોષ પૂર્વક જણાવ્યુ હતું કે અમે ભર બપોરે હાર્દિકને સાંભળવા આવ્યા હતા. પરંતુ નિરાશ થઈને પાછા જઈએ છીએ.

## પ્રાંતિજ પોલીસ મથકે જાહેરનામા ભંગ બદલ ૨૯ સામે ફરિયાદ નોંધાઈ

જાહેરાત કરીને તંત્રને ગુમરાહ કરવાનો પ્રયાસ કરાયો હતો. તો બીજી તરફ રવિવારે વહેલી સવારે જાહેરસભા નનાનપુર યોજાવાની જાણ થતાં પાટીદાર યુવાનો અને મહિલાઓ નનાનપુરની સીમમાં સભા સ્થળે આવ્યા હતા. ત્યારબાદ એક કલાક દરમિયાન પાટીદાર અગ્રણીઓએ શ્રોતાઓને ઝકડી રાખવા માટે પ્રવચન કર્યા હતા. દરમિયાન અચાનક જ સ્ટેજ પરથી હાર્દિક પટેલની તબિયત નાદુસ્ત

## હાર્દિક આવ્યો હોવાની ચર્ચા

નનાનપુરની સીમમાં રવિવારે બપોરે યોજાયેલી શ્રધ્ધાજંલિ સભામાં હાજર રહેવા હાર્દિક પટેલ આવ્યા હતા. પરંતુ સભા સ્થળે પોલીસની કિલ્લેબંધી તથા તંત્રની ધોંસ જોઈ સમય પારખી તેઓ પરત જતા રહ્યા હતા. તો બીજી તરફ પાટીદારોએ પણ હાર્દિકે આપેલી લોલીપોપથી નારાજ થઈ ગયા હતા એમ સભા સ્થળે ચર્ચાતું હતું.

## ખેડૂતોને પુરતું પોષણયુક્ત ખાતર અપાવવા જીલ્લાનું સહકારી માળખું કટિબદ્ધ : માવજીભાઈ દેસાઈ

### ડીસા માર્કેટ યાર્ડ ખાતે ડીસા તાલુકા સંઘ દ્વારા સહકારી સંમેલન યોજાયું

ડીસા, તા.૪

રાજ્યભરમાં ખેતીમાં હરણફાળ ભરી રહેલા બનાસકાંઠા જીલ્લાના ખેડૂતોને દર વખતે પડતી ખાતરની મુશ્કેલીના નિવારણ માટે અને ખેડૂતોને પુરતુ પોષણયુક્ત ખાતર મળી રહે તે માટે સમગ્ર સહકારી માળખુ પુરતા પ્રયાસ કરી રહ્યું છે તેમ ડીસા માર્કેટયાર્ડ ખાતે યોજાયેલા સહકાર સંમેલનમાં માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

ડીસા માર્કેટયાર્ડ ખાતે શનિવારે ધી ડીસા તાલુકાસહકારી ખરીદ વેચાણ સંઘ દ્વારા ટ્રાન્સ એગ્રો ઈન્ડીયા લી. બરોડા તેમજ બ્લ્યુ ફોસ્ફેટ લી. ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે સહકાર સંમેલન યોજાયું હતું. જેમાં ખેડૂતોને આયાતી રાસાયણિક ખાતર, સુપર ફોસ્ફેટ પાવડર, પોટાશ, એમોનિયમ સલ્ફેટ, ડી.એ.પી., એન.પી.કે.ના ગુણધર્મો અને તેના વપરાશ અંગે માર્ગદર્શન અપાયું હતું.

આ પ્રસંગે સહકાર સંમેલનના અધ્યક્ષ અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, જીલ્લા પંચાયત પ્રમુખ, દિનેશભાઈ દવે, બનાસકાઠા જીલ્લા સહકારી સંઘના ચેરમેન કેશરભાઈ ચૌધરી, ડીસા તાલુકા સંઘના ચેરમેન દશરથભાઈ દેસાઈ, ડીસા માર્કેટ યાર્ડના વાઈસ ચેરમેન કરશનભાઈ કણબી, બનાસકાંઠા જીલ્લા સહકારી સંઘના વાઈસ ચેરમેન ખેતાભાઈ દેસાઈ, ટ્રાન્સ એગ્રો ઈન્ડીયા પ્રા. લી. વડોદરાના જનરલ મેનેજર શકીલભાઈ મેમણ, ગુજકોમાસોલ અમદાદના ચીફ એક્ઝીક્યુટીવ મનોજભાઈ પટેલ, ડીસા તાલુકા સંઘના મેનેજર ઈશ્વરભાઈ દેસાઈ અને ડીસા માર્કેટયાર્ડના ડીરેક્ટર બાબુભાઈ પાનકુટા સહિત સહકારી અગ્રણીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## બુટલેગર દ્વારા છીનવી લેવાયેલી ઈન્સાસ રાયફલ મળતાં પોલીસે રાહતનો શ્વાસ લીધો

મોડાસા, તા. ૪

બે દિવસ પહેલાં રાત્રીના સુમારે શામળાજી પોલીસ દ્વારા બોરનાલા ગામે બાતમીના આધારે રેડ કરી હતી. પરંતુ પોલીસ રેડ દરમિયાન બેફામ બનેલા બુટલેગરો દ્વારા શામળાજી પોલીસના કોન્સ્ટેબલને માથાના ભાગે તલવારના ઘા ઝીકી હુમલો કરવામાં આવ્યો હતો તે દરમિયાન બુટલેગર દ્વારા કોન્સ્ટેબલની ઈન્સાસ રાયફલ પણ ઝૂંડવી લેવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે ૧૫૦થી વધુ પોલીસના કાફલા સાથે કોમ્પીંગ હાથ ધર્યું હતું. પરંતુ પોલીસે સફળતા ન મળી હતી અને રાયફલને લઈને પોલીસ પણ ચિંતામાં મુકાઈ હતી. ત્યારે અત્યાર સુધી આ કેમસાં પોલીસે છ આરોપીઓની ધરપકડ હાથ ધરી છે ત્યારે આજે ફરીથી કોમ્બીંગ હાથ ધરતા બોરનાલા ગામના મહેશ કલગી અસારીના ઘરની બાજુમાં સંતાડેલી મળી આવી હતી. જે પોલીસે કબજે કરીને રાહતનો શ્વાસ લીધો હતો.

## ગૌરવ પુરસ્કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાજ વચ્ચે કડીરૂપ ભૂમિકા પત્રકારત્વ નિભાવે તેવું આહવાન તેમણે કર્યું હતું.

સનસનીખેજ પત્રકારત્વ નહીં પણ વિશ્વસનીયતા જવાબદેહીતા સાથેની સાધના વગર પત્રકારત્વમાં સમાજ સંવેદના આવતી નથી અને પત્રકારત્વ સંવેદનશીલ બની શકતું નથી તેની ભૂમિકા તેમણે આપી હતી.

સાધના જેવું વિચારશીલ સાપ્તાહિક બજારવાદના જમાનામાં પણ પોતાનાં મૂલ્યો જાળવીને સતત આગળ વધી રહયું છે તેનો આનંદ તેમણે વ્યકત કર્યો હતો.

પુરસ્કાર વિજેતાશ્રી રમેશભાઈ તન્નાએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે, 'શ્રી રમણભાઈ શાહ સાધના પત્રકારિતા પુરસ્કાર મળતાં હું હર્ષની લાગણી અનુભવું છું.

તેમણે જણાવ્યું કે આ એવોર્ડ મળવા સાથે પોતાનું દાયિત્વ અને જવાબદારી પણ વધે છે કે જે મૂલ્યો અને આદર્શ માટે મને અવોર્ડ મળ્યો છે તેનું હમેશાં સંવર્ધન કરૂં.

તેમણે શબ્દની શકિતને ભક્તિથી પ્રયોજવાનું જણાવી અસંવેદનશીલતા અને પ્રયોજન વગરના પત્રકારત્વને અર્થહીન ગણાવી પોતાના પત્રકારત્વના સારા પાસાં વર્ણવી હકારાત્મક પત્રકારત્વ માટેનું ચિંતન રજૂ કર્યું હતું.

જાણીતા શિક્ષણકારશ્રી ચંદ્રકાન્ત મહેતાએ પત્રકારના વ્યવસાયને ધર્મ સાથે સરખાવ્યો હતો. તેમણે આજના પત્રકારત્વમાં ખોટું લખવું નહીં, ખોટું વિચારવું નહીં, ખોટું પ્રકાશિત કરવું નહીં જેવા અધ્યાયો જોડવાની આવશ્યકતા વર્ણવી હતી.

સાધના સાપ્તાહિકનાતંત્રીશ્રી મુકેશભાઈ શાહે આવકાર પ્રવચન કરી સાધના સાપ્તાહિકની વિકાસગાથા વર્ણવી હતી.

ગૌરવ પુરસ્કાર સમારોહમાં ડે.મેયરશ્રી બિપીનભાઈ સિક્કા, પૂર્વ લોકાયુકતશ્રી સુરેશભાઈ સોની, સાધના સાપ્તાહિકનાં ટ્રસ્ટીઓ, સર્વશ્રી રસિકભાઈ ખમાર, પ્રવિણભાઈ, પત્રકારો તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## પારિજાત (૪ પાનાનું ચાલુ...)

ક્રિકેટમેચોમાં રમવા દેશા માટે, - ભાઈનો માર પણ ઘણી વખત ખાધો છે. કોઈ કોઈ વાર સામે આપણે પણ હાથ સાફ કરી લીધો છે. પણ એ તો એકબીજા સાથેની મારામારીમાં - મમ્મી પપ્પા સામે તો બંને એક થઈ જવાનું - તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ - અને કાયમી ઝઘઝો - રિમોટનો - એકને ક્રિકેટ મેચ જોવી હોય બીજાને પૉકેમોન. અને ટીવીનું રિમોર્ટ તમને કોઈ જગ્યાએથી સંતાડેલું મહે તે કંઈ કહેવાય નહીં. રસોડાના માળિયામાં પણ હોઈ શકે કે બાથરૂમના અરીસા પાછળ પણ હોઈ શકે. પણ, આ તો રોજનો ઝઘડો. એનું કયાં મનમાં લાવવું?

બસ, ધમાલ-મસ્તી અને સાચી-ખોટી લડાઈઓ થયા કરે છે અને દિવસો વીતતા જાય છે. એકાદ સાથે ભણતી છોકરી ગમવા માંડે છે અને પાછો ભાઈ યાદ આવી જાય છે. ભાઈ, બધું શાંત-ચિત્તે સાંભળીને મમ્મી-પપ્પાની કોર્ટમાં કેસ રજૂ કરે છે અને પાછું બધું થાળે પડે છે. હાશ! ભાઈએ તો જંગ જીતાડી દીધો.

ભાઈ, ઉંમરમાં થોડોક જ મોટો હોવાથી સમય જતાં મિત્ર બની જાય છે અને મિત્રતા અતૂટ બની જાય છે.

કોઈ કોઈ વાર પરિસ્થિતિવશ સંબંધોમાં ઉતાર-ચઢાવ આવે છે. મનદુઃખના પ્રસંગો બને છે, કોઈક વાર ઓછું આવી જાય છે. પણ તોયે ભાઈ છેવટે ભાઈ જ છે. અને બાજુમાં ઊભો જ રહે છે અડીખમ. અને જીવનમાં કોઈ કમી નથી એવું લાગે છે. કોઈ એકલતા નથી, અને સૌ સાથે છે તેનો આનંદ છે. જિંદગી જીવવા જેવી લાગે છે. નાની મોટી તકલીફો તો આવશે અને જશે પણ ભાઈ સાથે ને સાથે જ છે.

## ચેઈન સ્નેચર્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિશાલ ઉર્ફે મહારાજ જગદીશ દવેને લીંબડીયા પંચેશ્વર મંદીર પાસેથી પકડી પાડવામાં આવ્યા છે. બંનેની સઘન પુછપરછમાં એક પછી એક વીસથી વધુ ચેઈન સ્નેચીંગના ગુનાઓ ડીટેકટ થવા પામ્યા છે. પાંચેક દિવસ પહેલા પ્રાંતીયા પાટીયા પાસે રિક્ષામાં જતી મહિલાના ગળામાંથી મંગળસુત્રની લુંટ, અઠવાડીયા અગાઉ દહેગામ-નરોડા હાઈવે પર બે કલાકમાં બે ચેઈન સ્નેચીંગના ગુન આચર્યા હોવાની કબુલાત ઉપરાંત સે-૭, સે-૨૧, અડાલજ, કલોલ શહેર, કલોલ તાલુકા, દહેગામ તથા ચિલોડા સહિતના જિલ્લાના તમામ મોટા ભાગના પોલીસ સ્ટેશનની હદમાં ચેઈન સ્નેચીંગ કર્યું હોવાની બંનેએ કબુલાત કરી છે. તે ઉપરાંત જિલ્લા બહાર મહેસાણા, પ્રાંતીજ, કલોલ અને અમદાવાદ શહેર વિસ્તારમાં પણ ગુના આચર્યા હતા. મુખ્ય સુત્રધાર વિશાલ દરેક ચેઈન સ્નેચીંગ કરતા પહેલા અમદાવાદ વિસ્તારમાંથી બાઈક ચોરતો હતો અને ચોરીના બાઈક સાથે જ લુંટ કરવા જતો હતો. તે ઉપરાંત દરેક વખતે વિશાલની પાછળ બેસવાવાળો શખ્સ દરેક વખતે બદલાતો રહેતો હતો. પાંચ શખ્સોની આ ગેંગમાં વિશાલ મુખ્ય બાઈક ચાલક રહેતો તેની પાછળ કયારેક હરેશ તો કયારેક તેના અન્ય સાગરીતો બસતા હતાં. ત્રણ વોન્ટેડ સાગરીતોની શોધખોળ પોલીસ કરી રહી છે. તે ઉપરાંત અન્ય ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શકયતા પણ પોલીસે વ્યકત કરી છે. વિશાલ એક મહિના પહેલા જ પાસામાંથી છુટયો હતો અને એકલ દોકલ જતી મહિલાઓને જ ટાર્ગેટ કરવામાં આવતી હતી.

## પાંચેય ચેઈન સ્નેચર્સ ચરસ-ગાંજાનો નશો કરીનો લુંટ કરવા જતા!

ચેઈન સ્નેચર્સ ગેંગના મુખ્ય સુત્રધાર વિશાલ સહિત બેની ધરપકડ કરી લેવામાં આવી છે ત્યારે ઉંડી પુછતાછમાં બહાર આવ્યું છે કે આ પાંચે શખ્સો જુગારની લતે ચઢી ગયેલા હતા. તે ઉપરાંત રોજનો તેમને એક હજાર રૂપિયાથી વધુનો ચરસ-ગાંજો સવારે પીવા જોઈતો હતો દરરોજ સવારે ચરસ-ગાંજો લગાવીને શિકાર કયાં શોધવો તે નક્કી કરતા હતા અને નશામાં જ તેઓ ચેઈન સ્નેચીંગ કરવા નીકળતા હતાં. કયારેક તો વિશાલ એકલા હાથે પણ ચેઈન સ્નેચીંગ કરી આવતો હતો. ૧૦૦થી વધુની સ્પીડમાં બાઈક ચલાવતો હોવા છતા આજ દીન સુધી કયાંય અથડાયો ન હોવાનો વિશાલ દાવો કરી રહ્યો છે.

## બેંકો બંધ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારબાદ શુક્રવારના રોજ બેંકો ગુજરાતમાં પોતાની કામગીરી ચાલુ જ રાખવાની છે. જે પછી ચોથા શનિવાર અને પછી રવિવાર આવે છે જેથી આ બે દિવસ બેંકોમાં રજા રહેશે.

દેશના જુદા જુદા રાજયોમાં સ્થાનિક તહેવારો આધારે રજા જાહેર થાય છે. જે મુજબ ૨૧મી ઓકટોબરે નોમની રજા ઉત્તરપ્રદેશ અને પં. બંગાળમાં નક્કી કરાયેલી છે. તેમજ ૨૬મી ઓકટોબરે પ. બંગાળમાં લક્ષ્મીપૂજાની પણ રજા જાહેર કરાયેલી છે. આમ પં. બંગાળમાં ૨૧મી ઓકટોબરથી ૨૬મી ઓકટોબર સુધી કદાચ સળંગ રજા થઈ જતાં ગ્રાહકોને વ્યવહારમાં અગવડતા પડી શકે છે. પરંતુ ગુજરાત રાજયમાં સ્થિતિ જુદી હોવાની રજા સળંગ બનતી નથી અને બેંકોમાં ગ્રાહકોના નાણાંકીય વયવહારો સચવાય છે.

જેથી રજાઓના અન્ય રાજયોમાં અંદેશાઓથી ગુજરાતમાં આવેલી બેંકોના ગ્રાહકો એ રોકડ અગાઉથી ઉપાડવાની જરુર ન હોવાનું પણ સ્થાનિક બેંકો આપનાર ગ્રાહકોને સમજાવી રહી છે. વધુમાં ગુજરાતની સરકારી અને ખાનગી તમામ બેંકોમાં ગ્રાહકો દ્વારા હાલ પૂછપરછ પણ થઈ રહી છે જેમાં ગ્રાહકોને સ્થિતિ સમજાવતાં હાશકારો અનુભવ્યો છે.

## અતીતની આજ (૪ પાનાનું ચાલુ...)

ભાંગીને ભુક્કો કરે છે. ૧૯૩૪માં મહાત્મા ગાંધી જમનાલાલ બજાજની બજાજવાડીમાં ચાલતા સંઘ શિક્ષાવર્ગની મુલાકાતે ગયા ત્યારે બધા જ સ્વયંસેવકોએ પોતાને હિંદુ જ ગણાવ્યા હતા. સંઘમાં દલિત-સવર્ણોના ભેદ નહીં હોવા વિશે મહાત્મા પ્રસન્ન થયા હતા. ૧૯૨૫માં આરએસએસની સ્થાપના કરનાર ડૉ.કેશવ બલિરામ હેડગેવાર છેક ૧૯૩૭ લગી કૉંગ્રેસી રહ્યા હતા. હિંદુ ઐક્ય માટે સમર્પિત સંઘના રાજકીય ફરજંદ ભારતીય જનતા પક્ષમાં અત્યારે અનુસૂચિત જાતિ મોરચા જેવી શાખા હોય છે તેમ 'સામાજિક સમરતા મંચ' પણ દલિતો માટેનો મંચ છે. જોકે તેની જવાબદારી શ્રી રમેશ પતંગે કે શ્રી મૂળચંદ રાણા જેવા દલિત સ્વયંસેવકોની સાથે જ પ્રા.અનિરુદ્ધ દેશપાંડે જેવા પુણેરી બ્રાહ્મણ સ્વયંસેવકોને અપાય છે એ સંઘની વિશેષતા છે. 'હિંદુરાષ્ટ્ર'ની કલ્પના સાથે આગળ વધતા સંઘે 'હિંદુરાષ્ટ્ર'ના વિરોધી ડૉ.બાબાસાહેબ આંબેડકરના જન્મ દિવસ ૧૪ એપ્રિલ ૧૯૮૩ના રોજ મહારાષ્ટ્રમાં સામાજિક સમરસતા મંચની સ્થાપના કરી હતી. એને ગુજરાતમાં આવતાં ૧૯૯૧ની સાલ થઈ ગઈ હતી.

વર્ષ ૨૦૦૪માં ૩ અને ૪ જાન્યુઆરીએ મુંબઈના યશવંત ભુવન ખાતે 'સામાજિક સમરસતા કાર્યશાળા'નું આયોજન થયું હતું. તત્કાલીન સરસંઘચાલક સુદર્શનજીએ એનું ઉદ્‌ઘાટન અને સરકાર્યવાહ (વર્તમાન સરસંઘચાલક) ડૉ.મોહનજી ભાગવતે સમારોપ બૌદ્ધિક આપ્યું હતું. ''માત્ર ખાનગી વિતરણ માટે''ના શેરા સાથેના એના પ્રારૂપમાં જણાવાયું હતું: '' ૧૯૮૧ની અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં જે પ્રસ્તાવ પસાર કરાયો હતો તે આજે પણ માર્ગદર્શક છે.'' ગુજરાતનાં અનામત આંદોલનોના પરિપ્રેક્ષ્યમાં 'પછાતોને અન્ય સમાજને સમકક્ષ લાવવા માટે અનામત જરૂરી' હોવાનું પ્રતિપાદિત કરતો એ ઠરાવ સંઘની અનામત વિશેની ચર્ચામાં કેન્દ્ર સ્થાને છે. સંઘ આર્થિક આધારે અનામતનો સમર્થક છે.

ભારતીય બંધારણના ઘડવૈયા અને આઝાદીના સંગ્રામના લડવૈયાઓને અનંત સુધી અનામત પ્રથાનો અમલ ચાલુ રહે એવું અભિપ્રેત નહોતું. અનામત પ્રથા દાખલ કરાવવાનું શ્રેય જેમને ફાળે જાય છે એ બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ.બાબાસાહેબ આંબેડકરે તો પોતાના પક્ષ શિડ્યૂલ કાસ્ટ્સ ફૅડરેશનની કારોબારીમાં ૨૭ ઑગસ્ટ ૧૯૫૫ના રોજ એવો ઠરાવ કરાવ્યો હતો કે કેન્દ્રીય અને રાજ્યની ધારાસભાઓ તેમજ જિલ્લા સ્થાનિક સ્વરાજનાં બૉર્ડમાં અનામત બેઠકો સમાપ્ત કરી દેવી. જોકે ડૉ.આંબેડકરના પક્ષને ચૂંટણીમાં શિકસ્ત મળી હતી. એટલે અનામત પ્રથા દૂર કરવાની તરફેણ ભાગ્યે જ કોઈ પક્ષ કરે છે. લઘુમતિઓના અધિકારો માટેની સમિતિના અધ્યક્ષ તરીકે સરદાર પટેલે બંધારણ સભામાં અનામતપ્રથાનો અમલ અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી) અને દલિત શીખો માટે સ્વીકાર્યો હતો. બાકી સરદાર પોતે ધાર્મિક ધોરણે અનામતના વિરોધી હતા અને એકંદરે અનામત પ્રથાના સમર્થક નહોતા. મરાઠાઓને પછાત ગણાવવાના મુદ્દે ૩૦ જુલાઈ ૧૯૨૮ના રોજ પુણેમાં વિદ્યાર્થીઓને સંબોધતાં સરદાર પટેલે કહ્યું હતું: '' મરાઠાઓએ પોતાને પછાત ગણાવતાં શરમાવું જોઈએ. તેઓ શિવાજીનું નામ લજવે છે.''

મહાત્મા ગાંધી પણ સરકારી નોકરીઓમાં કોમી પક્ષપાતની ભાવનાને સુતંત્રમાં ઘાતક લેખાવતા હોવાનું 'મારા સ્વપ્નનું ભારત'માં સ્પષ્ટ દર્શાવે છે. ''જો રાજતંત્રને કાર્યદક્ષ રાખવું હોય તો સૌથી કાબેલ લોકોને જ એમાં રોકવા પડશે. અલબત્ત, એમાં પક્ષાપક્ષી અને વગવસીલા ન ચાલવા જોઈએ. એટલે કે જો આપણને ઈજનેરો જોઈતા હોય તો દરેક કોમમાંથી એક એક લેવાનું ધોરણ રાખ્યું નહીં પાલવે અને સૌથી વધારેમાં વધારે લાયકાતવાળા પાંચ જણને જ તે જગાઓ આપવી પડશે, પછી તે પાંચે ભલે પારસી કે મુસલમાન કોમના હોય.'' પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ પણ ૨૭ જૂન ૧૯૬૧ના રોજ દેશનાં રાજ્યોના મુખ્યમંત્રીઓને લખેલા પત્રમાં પોતે સરકારી નોકરીઓમાં અનામતના વિરોધી હોવા ઉપરાંત ધાર્મિક ધોરણે અનામતના તો ચુસ્ત વિરોધી હોવાનું જણાવે છે. ''પછાતવર્ગોને મદદ જરૂર કરીએ પરંતુ કાર્યક્ષમતાને ભોગે તો નહીં જ.''

ગુજરાતનો ઘટનાક્રમ દેશને દિશા આપતો રહ્યો છે એટલે પાટીદાર અનામત આંદોલન હવે કેવા પ્રત્યાઘાત સર્જશે એ ભણી સૌની મીટ છે.

## કાયદા કાનૂન... (૪ પાનાનું ચાલુ...)

આવી છે. પહેલા આવો લાભ પાંચ વર્ષની નોકરી પૂરી કરનાર સરકારી કર્મચારીઓના વારસદારોને મળતો જે મુદતમાં પણ ઘટાડો કરી હવે માત્ર એક વર્ષની નોકરી પૂરી કરી હોય તેવા મૃતક કર્મચારીના વારસદારોને આ લાભ મળશે જેથી તમામ કર્મચારીઓનો આ આર્થિક લાભમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વર્કચાર્જમાં હોય તેવા કર્મચારીઓના વારસદારોને પણ આ યોજનાનો લાભ મળશે.

મૃતક કર્મચારીના વારસદારોને વધુમાં વધુ ૪ લાખની મર્યાદામાં સહાયા ચુકવવામાં આવશે.

વર્ગ-૩ અને ૪ ના કર્મચારીના વારસો ૬ મહિના સુધી આર્થિક લાભ મેળવવા માટે અરજી કરી શકશે પાંચ વર્ષની જગ્યાએ એક વર્ષ માટે પણ નોકરી કરી હશે તો પણ મૃતક કર્મચારીના વાલી, વારસોને આનો લાભ મળશે જે ૪ લાખની મર્યાદામાં રહેશે.

જે કર્મચારી ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ પામે તેમના આશ્રીતો માટે ૨૦ વર્ષથી વધુ સરકારી નોકરી બાકી હોય તેવા કિસ્સામાં ૬ લાખની સહાય ચુકવવામાં આવશે. ૨૦ વર્ષથી ઓછી અને ૧૦ વર્ષથી વધુ સમયની નોકરી બાકી હોય તો ૫ લાખની સહાય ચુકવવામાં આવશે. ૧૦ વર્ષથી ઓછી સેવા બાકી હોય તેવા કર્મચારીઓના આશ્રિતોને ૪ લાખની સહાય ચુકવવામાં આવશે.

મૃતક કર્મચારીના આશ્રિતોમાં પ્રથમ પત્નીનો હક્ક ત્યારબાદ વિકલાંગ પુત્રી અને પુત્રનો અધિકાર રહેશે. અપરિણિત મૃતક કર્મચારીના કિસ્સામાં માતા પિતા સહાય મેળવી શકશે. દત્તક પુત્ર હોય તો તે અને ત્યારબાદ ૨૫ વર્ષથી નાના પુત્રને સહાય માટે અધિકાર રહેશે. ઉપરોકત રાહત પેકેજથી મૃતક કર્મચારીઓના પરિવારને આર્થિક સહાય મળશે.

## જાહેર હરાજી

નોંધણી સર નિરીક્ષકની કચેરી, સ્ટેમ્પ અને નોંધણી ભવન, બીજો માળ, ખ-૫ સર્કલ પાસે, સેક્ટર-૧૪, ગાંધીનગર - ૩૮૨૦૧૪ ખાતે રાચરચિલા અને ફર્નિચર સાથેનું નવું મકાન બાંધકામ કરવામાં આવેલ હોઈ કચેરીના જુના ફર્નિચર જેવા કે, કબાટ, લાકડાના રેક, સ્ટીલના રેક, ટેબલ, ખુરશીઓ વિગેરે ચીજવસ્તુઓ / સાધનસામગ્રી જેવી છે તેવી હાલતમાં વેચાણ આપવાનું બોઈ વેચાણ કરવા માટે જાહેર હરાજી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

અત્રેની કચેરીના ઉપર જણાવેલ સાધનસામગ્રીની જાહેર હરાજી તા. ૧૯/૧૦/૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. જે અન્વયે તેમાં ભાગ લેવા ઈચ્છનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ અત્રેની કચેરીની વહીવટી શાખામાં અરજી આપી તેઓનું ઉમેદવારી ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ભરી મેળવી લેવાનું રહેશે. તેમજ હરાજીમાં હાજર રહેવા માટે ડીપોઝીટની રકમ રૂ. ૧૧,૫૦૦/- (રીફંડેબલ) 'નાયબ નોંધણી સર નિરીક્ષક, ગાંધીનગર'ના નામના નેશનલાઈઝ બેંકના ડીમાન્ડ ડ્રાફટથી તા. ૧૭/૧૦/૨૦૧૫ સુધીમાં જમા કરાવવાની રહેશે.

કોઈપણ ઈસમ / પેઢી / સંસ્થાએ બોલેલ હરાજીમાં ભાવ કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીને રહેશે.

ઈચ્છા ધરાવનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન તા. ૩૦/૯/૨૦૧૫ થી તા. ૧૪/૧૦/૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીની રૂબરૂ મુલાકાત લઈ વેચાણ કરવામાં આવનાર ચીજવસ્તુઓ / સાધનસામગ્રીનું નિરીક્ષણ કરી શકશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તા. ૨૮/૯/૨૦૧૫ — નાયબ નોંધણી સર નિરીક્ષક
માહિતી/૧૬૦૭/૨૦૧૫-૧૬ — ગુજરાત રાજ્ય, ગાંધીનગર